# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## GCAS પોર્ટલ ઉપર વિદ્યાર્થીના પ્રવેશ અંગેની માર્ગદર્શિકા

1. ધોરણ 12 નું પરિણામ તારીખ ૦૯/૦૫/૨૦૨૪ ના રોજ જાહેર થયેલ છે તેથી જીકાસ પોર્ટલ ઉપર વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ફોર્મ ભરવાની તારીખ અંદાજિત ૧૬/૦૫/૨૦૨૪ થી શરૂ થશે.
2. ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓની માર્કશીટ અપલોડ કરવાની થશે નહીં તે સીધી જ જીકાશ ટીમ દ્વારા પોર્ટલ ઉપર અપલોડ થઈ જશે.
3. વિદ્યાર્થીઓ ને ફોર્મ ભરવાની અંતિમ તારીખ અંદાજિત ૩૦/૦૫/૨૦૨૪ સુધી રહી શકશે ત્યારબાદ દરેક કોલેજો ને પોતાના રજીસ્ટર વિદ્યાર્થીની માહિતી જીકાસ દ્વારા આપવામાં આવશે.
4. ત્યારબાદ કોલેજો એ યોગ્ય ધારાધોરણ પ્રમાણે પ્રોવિઝનલ મેરીટ યાદી બનાવી નોટિસ બોર્ડ ઉપર દર્શાવી ત્યારબાદ બે દિવસ સુધી grievance હોય તો દૂર કરવા.
5. બે દિવસ બાદ વિદ્યાર્થીઓની ફાઇનલ મેરીટ યાદી બનાવી નોટિસ બોર્ડ ઉપર લગાવી જે વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ થાય તેને લોક કરવા.
6. ત્યાર બાદ નિર્ધારીત તારીખે બીજી મેરીટ યાદી આ જ ક્રમ અનુસાર બનાવી પ્રવેશ આપવો
7. ત્યારબાદ જરૂર જણાય તો ત્રીજી મેરીટ યાદી આ જ ક્રમમાં બનાવી શકાય.

<u>હેલ્પ સેન્ટર ની કામગીરી</u>

1. સરકારશ્રીના પરિપત્ર નંબર જીકસ/હેલ્પ/પત્ર/૨૦૨૪-૨૫/૧૧૮ તારીખ -૦૪/૦૫/૨૦૨૪ મુજબ દરેક સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોએ હેલ્પ સેન્ટરની રચના કરવી સેલ્ફ ફાઇનાન્સ કોલેજો પણ બનાવે તે ઇચ્છનીય છે.
2. હેલ્પ સેન્ટર ફક્ત વિદ્યાર્થીઓને ફોર્મ ભરવામાં મદદરૂપ થવાના ઉદ્દેશ સાથે બનાવવું.
3. કોઈપણ હેલ્પ સેન્ટર ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરવાનું નથી ડોક્યુમેન્ટ વેરીફિકેશનની કામગીરી જે કોલેજ પ્રવેશ આપશે તે જ તેની એલિજીબીલીટી અને ડૉક્યુમેંટસ વેરિફિકેશન કરશે હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થીને મદદ મળી રહે તે માટે તમામ કામગીરી સુચારુ અને યોગ્ય રીતે ચાલે તેની તમામ જવાબદારી જે તે સંસ્થા ના પ્રિન્સિપલશ્રીઓ, હેડશ્રીઓ, કોઓડીનેટરશ્રીઓ એ નિભાવવાની રહેશે.

બિડાણ :

પરિપત્ર નંબર જીકસ/હેલ્પ/પત્ર/૨૦૨૪-૨૫/૧૧૮ તારીખ -૦૪/૦૫/૨૦૨૪

ડૉ. ધર્મેન્દ્ર ઠાકર

૦૯/૦૫/૨૦૨૪

નોડલ ઓફિસર GCAS યુનિવર્સિટી સેલ

Gujarat Common Admission Services (GCAS)
Education Department, Government of Gujarat

**By Mail**

ક્રમાંક: જીકેસ/હેલ્પ/પત્ર/૨૦૨૪-૨૫/૧૧૮ તા: ૦૪/૦૫/૨૦૨૪

પ્રતિ
રજીસ્ટ્રારશ્રી,
GCAS સાથે સંકળાયેલ ૧૫ સ્ટેટ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય:** હેલ્પ સેન્ટરની કામગીરી બાબત.
**સંદર્ભ :** ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. ઉશિક/ યુનિવર્સિટી /જીકેસ/૨૦૨૪-૨૫/૯૮૯ તા: 03/૦૪/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપની યુનિવર્સિટીના ભવનો અને સંલગ્ન કૉલેજોમાં સંદર્ભદર્શિત પત્રથી ડૉક્યુમેન્ટ વેરીફીકેશન કમ ઈન્ફોર્મેશન હેલ્પ સેન્ટરની રચના કરવા જણાવવામાં આવેલ હતું. ડૉક્યુમેન્ટ વેરીફીકેશન કમ ઈન્ફોર્મેશન હેલ્પ સેન્ટરે સંદર્ભદર્શિત પત્ર સાથે બિડાણ કરેલ માર્ગદશિકામાં સૂચવ્યા મુજબ GCAS પર આવેલ અરજીઓની ચકસણીની કામગીરી કરવાની થતી હતી. જે હવેથી હેલ્પસેન્ટરના અધ્યાપકશ્રી/કર્મચારીઓએ કરવાની થતી નથી. વિદ્યાર્થી જે તે કોલેજ/યુનિવર્સિટીના જે પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાને જરૂરી લાયકાત ધરાવે છે કે નહીં તે જોવાની જવાબદારી પ્રવેશ આપનાર સંબંધિત સંસ્થાની રહેશે.

ફાળવેલ હેલ્પ સેન્ટર સંદર્ભપત્રમાં સૂચવ્યા મુજબ કાર્યરત જ રહેશે. જ્યાં અધ્યાપકશ્રી/કર્મચારીઓએ આવનાર વિધાર્થીઓને GCASનું ફોર્મ ભરવામાં કોઈ તકલીફ પડતી હોય તો તેમને વિવિધ અભ્યાસક્રમ, કોલેજ, યુનિવર્સિટી, વખતો વખત જાહેર કરવામાં આવતી સમય સારણી અને પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપી ફોર્મ ભરાવવામાં મદદ કરવાની રહેશે. આ માટે હેલ્પ સેન્ટર પર કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, ઈન્ટરનેટ વગેરે જેવી પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. આ બાબતનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

આ માહિતી અંગે આપની યુનિવર્સિટીના ભવનો અને સંલગ્ન કૉલેજોને જાણ કરી તેનો અમલ કરાવવા વિનંતી.

માન. સીઈઓ, કેસીજીની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર

મેમ્બર સેક્રેટરી
ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ
અમદાવાદ

Knowledge Consortium of Gujarat,
Pragna Puram Campus, Oppo. PRL, Navrangpura,
Ahmedabad, Gujarat. 380015

Email: support-gcas@gujgov.edu.in
Website: https://gcas.gujgov.edu.in/